ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ચૂંટણી પંચ આર્થિક વ્યવહારો પર બાજનજર રાખશે

## રૂ. એક લાખના શંકાસ્પદ ઉપાડ અંગે અને રૂ. ૧૦ લાખના ઉપાડને લઈ તંત્રને જાણ કરવા બેંકોને તાકીદ

ગાંધીનગર, તા. ૧૬

લોકસભાની ચૂંટણીમાં ખર્ચ વ્યવસ્થાપન નિયંત્રણને અસરકારક બનાવવા માટે તંત્રએ હવે દરેક બેંકમાંથી રૂ. ૧૦ લાખથી વધુના કોઈપણ પ્રકારના ટ્રાન્ઝેકશન અંગે ધ્યાન દોરવાનું રહેશે.

ચૂંટણી પંચે એવી સૂચનાઓ જારી કરી છે કે કોઈપણ સેવિંગ્સ એકાઉન્ટમાંથી શંકાસ્પદ રીતે રૂ. એક લાખનો ઉપાડ કે રોકાણ થાય તો પણ તંત્રનું ધ્યાન બેંકોએ દોરવાનું રહેશે. આ માટે રોજેરોજ રિપોર્ટીંગ પણ તંત્રએ કરવાનું રહેશે.

મળતી વિગતો મુજબ પંચની આ સૂચનાઓને પગલે જિલ્લાતંત્ર દ્વારા આગામી સપ્તાહમાં મંગળવારે જિલ્લાના બેંકર્સ સાથે એક મહત્વની બેઠક યોજવાનો પણ નિર્ણય કર્યો છે જેમાં આ સૂચનાઓને પગલે બેંકોએ કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે.

ચૂંટણીમાં બે નંબરના નાણાંના પ્રભાવને અટકાવવા માટે પંચે આ વખતે કમર કસી છે. આ ઉપરાંત જો કોઈ આવા નાણાં પકડાય તો ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# કેજરીવાલની ટીમે ફતેપુરા અને બોરીજ ગામમાં સ્ટીંગ કર્યું હતું...!

## ગુજરાત સહીત ગાંધીનગરમાં ચાલતા દારૂબંધીના ડિંડકની પોલ દિલ્હીમાં ખુલશે : 'આપ' સુત્ર

ગાંધીનગર, તા. ૧૬

અરવિંદ કેજરીવાલ ગાંધીનગરમાં જયારે નરેન્દ્ર મોદીને મળવા આવ્યા ત્યારે કેજરીવાલની ટીમો દારૂબંધીના નામે બેરોકટોક ચાલતા દારૂના પીઠાઓ પર પહોંચી ગઈ હતી અને સ્ટીંગ ઓપરેશન કર્યા હતાં. ગુજરાતભરમાં આ પ્રકારે સ્ટીંગ થયા છે ત્યારે ગાંધીનગરમાં બોરીજ અને ફતેપુરા ગામમાં સ્ટીંગ કર્યું હોવાનું 'આપ' સુત્રોમાંથી જાણવા મળ્યું છે. અરવિંદ કેજરીવાલ દિલ્હીમાં આ તમામ સ્ટીંગના ઘટસ્ફોટ કરે તેવી શકયતા છે.

આપ સૂત્રોમાંથી ચોંકાવનારી વિગતો મળી રહી છે. અરવિંદ કેજરીવાલ ગુજરાત ભ્રમણ કરી રહ્યા હતા તે દરમિયાન કેજરીવાલની કેટલીક ટીમો ગુજરાતમાં બેરોકટોક ચાલતી દારૂ જુગાર સહીતની બદીઓના સ્ટીંગ માટે ફરી વળી હતી. ઠેર ઠેર દારુ જુગારના અડ્ડાઓ પર સ્ટીંગ ઓપરેશન થયા છે. ગાંધીનગરમાં જયારે કેજરીવાલ મોદીને મળવા આવ્યા ત્યારે પણ તેમની ટીમોએ ગુપ્ત રીતે માહિતી મેળવીને બોરીજ તથા ફતેપુરા ગામમાં દારૂના પીઠાઓ પર પહોંચી જઈને સ્ટીંગ ઓપરેશન કર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ સ્ટીંગના ઘટસ્ફોટ અરવિંદ કેજરીવાલ દિલ્હીમાં કરશે તેવું આ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલની ગુજરાત યાત્રાના ત્રણ દિવસ દરમિયાન 'આમ આદર્મ પાર્ટી'ના ૨૬૦થી વધુ ચુનંદા કાર્યકરો ૨૬-૨૬ લોકસભા મતવિસ્તારમાં ત્રણ દિવસ સુધી પ્રત્યક્ષ મુલાકાત લઈ સ્ટીંગ ઓપરેશનો કર્યા છે. વિકાસના મામલે માર્ગો, દવાખાના, શાળાઓ, કૃષિ વિકાસ અને લઘુ ઉદ્યોગોના મામલે ઘણા બધા સ્ટીંગ ઓપરેશનો થયા છે. જ્યારે ભ્રષ્ટાચાર અને દારૂબંધી જેવા મુદ્દાઓ પર પણ અનેક સ્થાનો પર સ્ટીંગ ઓપરેશન કરવામાં 'આપ'ના કાર્યકરો સફળ રહ્યા હતા.




હોલીકા દહન - ભારતીય સંસ્કૃતિની પરંપરામાં હોલિકા દહનનો મહિમા આજે પણ અકબંધ છે... અનિષ્ઠો પર સંનિષ્ઠતાનો વિજય, અસત્ય પર સત્યનો વિજય, દૂષણો સામે નિષ્ઠાનો વિજય એ હોલિકા દહનનો સંદેશ ભક્ત પ્રહલાદ છળકપટોની વચ્ચે પણ અગ્નિપરીક્ષામાંથી બચ્યો એ જ સત્યનો વિજય આજે પણ સમાજમાં પ્રતિકાત્મક રીતે હોલિકાદહન થાય છે... ગાંધીનગરના દરેક સેક્ટરોમાં યોજાયેલી હોલિકાદહન નિમિત્તે ભાવિકોએ પારંપારિક પ્રદક્ષિણા કરી સત્યના વિજયને વધાવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# કેવાયસી નહી ભરો તો બેંક ખાતુ બંધ કરી દેશે

ગાંધીનગર, તા. ૧૬

જો તમે બેંક ખાતા માટે કેવાયસી ફોર્મ જમા કરાવ્યું નથી તો તેને ૩૧મી માર્ચ સુધીમાં જરૂર જમા કરાવી દેજો. જો આવું ન થયું તો બેંક તમારું ખાતુ બંધ કરી શકે છે. કેવાયસી વગરનુ ખાતું ચલાવવા પર અલગથી ચાર્જ પણ બેંકને આપવો પડી શકે છે. રિઝર્વ બેંક મની લોન્ડ્રીંગને રોકવા અને ગ્રાહકની સાચી ઓળખાણ માટે આવું પગલું ભરી રહી છે.



રિઝર્વ બેંકના નિર્દેશ અનુસાર તમામ બેંક ખાતાઓના ગ્રાહકોના કેવાયસી પૂરા કરવાના છે. જેમાં બે વર્ષથી વધુ સમયથી લેવડદેવડ થઈ નથી અને સાથે જ બચત ખાતામાં ૧૦૦ રૂ. સુધી અને ચાલુ ખાતામાં ૫૦૦ રૂ. સુધીની રકમ છે તે ખાતા ધારકો દ્વારા કેવાયસી માપદંડ પૂરો ન કરવા પર બેંક ખાતુ બંધ કરી દેશે. જયારે લેવડ દેવડ થતા ખાતાઓનું કેવાયસી ન થવા પર બેંક તેઓ પાસેથી રૂ. ૧૧૨નો ચાર્જ પણ લઈ શકે છે. ૩૧મી માર્ચ સુધી તમામ બેંકોએ તેના ગ્રાહકોના કેવાયસી પૂરા કરવાના છે. ઘણી બેંકોએ આ માટે એક નોટીસ જાહેર કરી ગ્રાહકોને મોકલી આપી છે.

# પાલડી રાઠોડમાં સાંધાના દુ:ખાવાની ફરિયાદો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પાલડી રાઠોડ ગામે સાંધાના દુ:ખાવાની ફરિયાદ સાથે પાંચ જેટલા કેસ નોંધાતાં જિલ્લા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે દુષિત પાણીને કારણે આ ફરિયાદો ઉભી થવા પામી છે. જો કે આ બધા દર્દીઓ ખાનગી તબીબની સારવાર હેઠળ છે અને તેમની તબિયત સુધારા પર જણાઈ છે.

પ્રાપ્ત થતા અહેવાલો પ્રમાણે પ્રાથમિક તારણ મુજબ આ દુ:ખાવા પાછળ વાઈરલ હોવાનું જણાયું છે. ગામમાં આરોગ્ય તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત સર્વેલન્સ દરમિયાન કોઈ જ નવો કેસ મળ્યો નથી.

આરોગ્ય તંત્રના સૂત્રો દાવો કરી રહ્યા છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. તંત્ર એ સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી સંપન્ન કરી છે અને કોઈ જ નવા કેસ મળ્યા નથી. આ વાઈરલને કારણે દુ:ખાવાની ફરિયાદ દૂર થઈ જાય છે. જો કે તંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

# જનસેવા કેન્દ્રોને અપડેટ કરવા આરંભાયેલ કવાયત

ગાંધીનગર, તા. ૧૬

જનસેવા કેન્દ્રોને અપડેટ કરવા માટે આવેલ નાણાકીય સહાય અંતર્ગત કેટલા જનસેવા કેન્દ્રો અપડેટ કરવામાં આવ્યા છે અને કેટલો ખર્ચ કરાયો છે એ અંગેનું એક પ્રેઝન્ટેશન રજુ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાગરિકોને મહેસૂલ વિભાગ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નાગરિકોને પુરી પાડવામાં આવતી સેવાઓ સંદર્ભે એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન દરમિયાન એવું જણાવાયું હતું કે વહીવટી તંત્રને પારદર્શક ભ્રષ્ટાચાર મુકત અને લોકાભિમુખ બનાવવાના આશયથી નાગરિક અધિકાર પત્રો બહાર પાડવાના હુકમો કરવા માટેની સૂચનાઓ આપવામાં આવતાં નાગરિક અધિકાર પત્રો બહાર પાડવામાં આવ્યા હતાં.

આ અધિકાર પત્રોમાં કઈ કઈ સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેની સમય મર્યાદા અરજી સાથે જોડવાના દસ્તાવેજી પુરાવાની યાદી તેમજ સેવા સંદર્ભે જો કોઈ ફી ભરવાની હોય તો તેની વિગતો રજુ કરેલ છે. નાગરિક અધિકાર પત્ર હેઠળ જન સેવા કેન્દ્રો મોટા શહેરો જિલ્લા મથક તાલુકા મથક તથા નગરપાલિકામાં શરુ કરવામાં આવેલ.

આ જનસેવા કેન્દ્રોમાં એક સમાન બોર્ડની વ્યવસ્થા નાગિરકો માટે બેસવાની વ્યવસ્થા પીવાના પાણીની વ્યવસ્થા અને અરજી લખવા માટે ટેબલની વ્યવસ્થા કરવા માટે પણ જણાવાયું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ના જન સેવા કેન્દ્રો ઉભા કરવા અને હયાત જન સેવા કેન્દ્રો અપડેટ કરવા માટે નાણાંકીય સહાય મંજુર કરવામાં આવી હતી. આ નાણાંકીય સહાય અંતર્ગત ખરેખર કેટલા નવા જનસેવા કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે અને કેટલા જનસેવા કેન્દ્રો અપડેટ કરવા માટે ખર્ચ કરેલ છે એ અંગેની અદ્યતન વિગતો સાથેનું એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટશન તૈયાર કરીને રજુ કરવા માટેની સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્રો ઉભા કરવા કુલ હયાત જન સેવા કેન્દ્રોને અદ્યતન કરવા માટેની યોજનાની સંચાલન અને નિયમન મહેસૂલ વિભાગ અને આ જનસેવા કેન્દ્રોનું બાંધકામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

# નગરમાં કેજરીવાલનો વધતો ક્રેજ

## મોદની ચાય પે ચર્ચા કરતા કેજરીવાલની ચર્ચા વધારે

ગાંધીનગર, તા. ૧૬

ભારત વિશ્વમાં સૌથી મોટી લોકશાહી છે. આ લોકશાહીના રાષ્ટ્રીય પર્વને ઉજવવા માટે આખો રાષ્ટ્ર થનગની રહ્યો છે. ત્યારે લોકશાહી દેશમાં લોકસત્તા મેળવવા માટે રાજકીય પક્ષોએ પણ આ રેસમાં પોતાના અશ્વો તૈયાર કરી દીધા છે. આ રેસમાં તાજેતરમાં જ ઝંપલાવનાર આમ આદમી પાર્ટીના આમ નેતા તરીકે ઓળખાતા અરવિંદ કેજરીવાલનો ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ભારે ક્રેજ જોવા મળી રહ્યો છે.





હાલ ઠેર-ઠેર જાહેર ગલ્લાઓ ચાની લારીઓ, કોલેજ કેમ્પસ કે પછી મહિલા મંડળની ચોકઠા બેઠકમાં હાલ જેટલી ચર્ચા કોંગ્રેસ ભાજપ કે અન્ય પક્ષની કે તેના નેતાની નથી થતી તેના કરતા આમ આદમી પાર્ટી અને તેના નેતા અરવિંદ કેજરીવાલની ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. જ્યારે આમ આદમીને પોતાના કામ માટે મંત્રીઓની કે નેતાઓની ઓફિસો જવુ પડે છે. અને અસંખ્ય ધક્કાઓ ખાધા પછી પણ લોકોને નેતાઓ મળતા નથી અને સાહેબ પ્રવાસમાં છે, વિધાનસભામાં છે કે સાહેબ મીટીંગમાં છે. તેવા જવાબો લોકોને મળી રહ્યા છે અને અંતે નામ લખાવીને જાવ સાહેબ સમય આપશે તો તમે મળી શકશો. ત્યારે આ આમ આદમી પાર્ટીનો નેતા લોકોને એકદમ સરળતાથી મળી જાય છે. અને લોકોને સાંભળે છે. આવા નેતા કેમ ના ચૂંટાઈ તેવી ચર્ચા પણ આમ આદમીઓ કરી રહ્યા છે. હાલ આમ આદમી પાર્ટીના આમ નેતા અરવિંદ કેજરીવાલને જાહેરમાં મળવા આમ આદમીઓ પડાપડી કરી રહ્યા છે. ચોરે ચોરે ને ચોકઠે-ચોકઠે ચાય પે ચર્ચા કરતા હાલ કેજરીવાલની ચર્ચાઓ વધારે થઈ રહી છે. ત્યારે આમ આદમી તરફ એક વર્ગ ધીમી ચાલે આગળ વધી રહ્યો છે. જ્યારે હજુ પણ કેટલાક મતદારોનો વર્ગ છે તે આમ આદમી પાર્ટી તરફ ખાનગી રીતે પોતાનો મન રજુ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણીને લઈ આગામી ભવિષ્યમાં કયો પક્ષ કેટલી ટીકીટ લાવશે તેની કોઈ ચર્ચા નથી પણ કેજરીવાલ શું કરશે તેની પર સૌની નજર મંડાઈ રહી છે. હવે તો મોદી સામે વારાણસીથી ચૂંટણી લડવા અરવિંદ કેજરીવાલે સહમતિ દર્શાવતા કેજરીવાલ તરફ લોકોનો ક્રેજ વધી રહ્યો છે.

# નરેન્દ્ર મોદીની લાઈફ પર બે જ મહિનામાં બે ડઝન પુસ્તકો

## મોદીના પુસ્તકોની પણ બજારમાં જોરદાર માંગ : ચૂંટણી પહેલાં હજુ મોટી સંખ્યામાં પુસ્તકો મોદીને આવરી લઈ બજારમાં આવશે : તમિલ, મલિયારમમાં પણ પુસ્તકો


ગાંધીનગર, તા. ૧૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા માત્ર મતદારોમાં દેખાઈ રહી નથી પરંતુ પ્રકાશકો પણ મોદીના નામ ઉપર જંગી કમાણી કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. જુદા જુદા પબ્લિસીંગ હાઉસ દ્વારા મોદીની લાઈફ ઉપર શ્રેણીબદ્ધ પુસ્તકો લખવામાં આવી રહ્યા છે.




જાણવા મળેલી માહિતી મુજબ ટૂંકા ગાળામાં જ અંગ્રેજી, હિંદી, ગુજરાતી, તમિળ અને મલયાલમ જેવી ભાષામાં મોદીની લાઈફ ઉપર, મોદીના વિચારો ઉપર, મોદીના શિસ્તના મામલામાં બે ડઝનથી વધુ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. ચૂંટણી પહેલા વધુ કેટલાક પુસ્તકો બજારમાં આવવાની તૈયારીમાં છે. છેલ્લા બે મહિનાના ગાળામાં જ

● અનુસંધાન પાન-૭ પર















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com